# City ભાસ્કર

It's All About Good Life :)




04 | સ્ટાઈલ એન્ડ ગ્લેમર


અમદાવાદ, મંગળવાર, 12 ફેબ્રુઆરી, 2013

CONTACT US : 079 39814116 | email : cbamdavad@gmail.com | www.divyabhaskar.com/citybhaskar | www.epaper.divyabhaskar.com/citybhaskar







**કલાનો કુંભ**

આ આખું અઠવાડિયું વેલેન્ટાઇન વીક તરીકે ઊજવવાની સાથે આ અઠવાડિયામાં આર્ટની પ્રવૃત્તિઓ પણ મોટા પ્રમાણમાં શહેરમાં યોજવામાં આવશે. આ પ્રવૃત્તિઓમાં ચિત્રો, સ્કલ્પચર્સ, ફોટોગ્રાફ્સનાં પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

# વેલેન્ટાઈનવીકમાં સિટી રંગાયું આર્ટના રંગે

## થીમ આધારિત વિવિધ એક્ઝિબિશન્સનુ આયોજન

• **સિટી રિપોર્ટર**. અમદાવાદ

ધીમે ધીમે ઠંડી ઓછી થઈ રહી છે, ત્યારે આ અઠવાડીયામાં આવતા વેલેન્ટાઈન ડેની સાથે સાથે શહેરમાં આર્ટની પણ વિવિધ પ્રવૃત્તિઓ જોર પકડી રહી છે. આ પ્રવૃત્તિઓમાં ચિત્રો, સ્કલ્પચર્સ, ફોટોગ્રાફ્સનાં પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

12મી ફેબ્રુઆરી મંગળવારથી સુરેન્દ્રભાઇ પટેલના પેઇન્ટિંગ એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું છે. જેના દ્વારા જે કંઈ ઈન્કમ થશે તેને તેઓ અંધજન મંડળને ડોનેટ કરી દેશે. આ એક્ઝિબિશન 12થી 18 ફેબ્રુઆરી દરમિયાન સાંજે 4થી 8 હઠીસીંગ આર્ટ ગેલેરી ખાતે કલારસિકો માણી શકશે.

11 ફેબ્રુઆરીથી મંત્રા આર્ટ ગેલેરીમાં 'બેક ટુ બેક સિરિઝ સિઝન 2'નું આયોજન કરાયું છે. ખ્યાતનામ આર્ટિસ્ટ જયંત પરીખ દ્વારા 'ઇન્ડિયન હેરિટેજ'ની થીમ પર પેઇન્ટિંગ્સ બનાવવામાં આવ્યા છે. તેમણે લોકો સમક્ષ લાઇવ ડેમોન્સ્ટ્રેશન પણ કર્યું હતું. તેમણે આ ડેમોન્સ્ટ્રેશન સંગીતના તાલ સાથે આપ્યું હતું. લોકોએ તેમની સાથે નૃત્યની મજા પણ માણી હતી. આ એક્ઝિબિશન 11થી 23 ફેબ્રુઆરી દરમિયાન મંત્રા આર્ટ ગેલેરી, પાલડી ખાતે બપોરે 2થી 7 દરમિયાન ચાલુ રહેશે.

આ ઉપરાંત ડિઝાઇનર્સના ગ્રુપ 'અનાયા'ના સાત પેઇન્ટર્સ અને ફોટોગ્રાફર્સ દ્વારા એક એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું છે. આ એક્ઝિબિશન રવિશંકર રાવળ કલા ભવન ખાતે 13 ફેબ્રુઆરી સુધી બપોરે 12થી 6 દરમિયાન આયોજીત થશે. કનોરિયા સેન્ટર ફોર આર્ટ્સ ખાતે 12 ફેબ્રુઆરીથી એક એક્ઝિબિશનનું યોજાશે. જેમાં પ્રદર્શિત થનારા એકેએક કલાના નમૂના બાળકો દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે.

**મનન રેલિયા** | ઓનર, આર્ચર આર્ટ ગેલેરી

### શહેરમાં બનતા પેઈન્ટિંગ્સ વર્લ્ડ લેવલે કોમ્પિટ કરે તેવા

શહેરીજનોમાં કન્ટેમ્પરરી આર્ટ હવે પ્રચલિત બની રહી છે. આ સાથે આર્ટ કલેક્ટર્સ પણ શહેરમાં વધી રહ્યા છે. આર્ટિસ્ટ માટે સૌથી મહત્ત્વનું એ હોય છે કે કોઇ તેના કામને વખાણે. જો કે શહેરમાં ચિત્રોનું વેચાણ પણ વધી જ રહ્યું છે. આટલી મોટી સંખ્યામાં યોજાઇ રહેલા એક્ઝિબિશન્સ તેનું ઉદાહરણ છે.



ગેલેરીમાં લાઈવ પેઈન્ટિંગ્ઝ કરતાં આર્ટિસ્ટ જયંત પરીખ.

# વિપરીત પરિસ્થિતિ વચ્ચે પણ સમાજસેવાની લગની

• **સિટી રિપોર્ટર**. અમદાવાદ




ભૂપેન્દ્રસિંહ કોહલી

દેશભરમાં એવાં ઘણા લોકો છે જેઓ સમાજ માટે શ્રેષ્ઠ કામગીરી કરી રહ્યાં છે. તેઓના જુસ્સાને લઈને તેનો વિરોધ કરનારાઓ પણ તેની મદદે આવી ગયા છે. આવામાં અનસંગ હીરોઝને તમારા મનપસંદ રેડિયો સ્ટેશન માયએફએમ 94.3 'જિયો દિલ સે' એવોર્ડથી સન્માનિત કરવા જઈ રહ્યું છે. આવો મળીએ આવા જ સમાજસેવી જિંદાદિલ અમદાવાદને ભૂપેન્દ્રસિંહ કોહલીને...

અમદાવાદના 53 વર્ષના ભૂપેન્દ્રસિંહ કોહલી કોઈપણ વ્યક્તિને સારવારની અભાવને કારણે મરતાં જોઈ શકતાં નથી. આ માટે ભલે તેને તે માટે પોતાના પૈસા કેમ ન ખર્ચ કરવા પડે. ઘટના લગભગ 30 વર્ષ પહેલાંની છે. જ્યારે ભૂપેન્દ્રસિંહ કોઈ દર્દીની તબિયતના હાલ પૂછવા માટે મુંબઈની એક હોસ્પિટલમાં ગયા હતાં. હોસ્પિટલના ગેટ પર ગંભીર રૂપથી ઘાયલ થયેલો એક યુવાન રડી રહ્યો હતો. તેના ઈજાગ્રસ્ત ભાગોમાંથી લોહી વહી રહ્યું હતું. પરંતુ કોઈને તેની દરકાર ન હતી. ભૂપેન્દ્રથી આ છોકરાનું દુ:ખ ન જોઈ શકાયું. તેણે તેને માત્ર હોસ્પિટલમાં જ દાખલ ન કર્યો પરંતુ જ્યાં સુધી તે ઠીક ન થયો ત્યાં સુધી રોજ તેને મળતાં પણ રહ્યાં. ત્યારબાદ ભૂપેન્દ્રે આવા લોકોની મદદ કરવાનું નક્કી કરી લીધું કે જેઓ પૈસાને અભાવે સારવાર ન લઈ શકતાં હોય. વ્યવસાયે બેંકર ભૂપેન્દ્ર ગરીબ દર્દીઓને આર્થિક મદદ તો કરે જ છે આ સિવાય લોકોને ઉપયોગમાં ન આવેલી દવાઓ, વ્હીલચેર, વોકર, કપડાં, રમકડાં અને પુસ્તકોને પણ જરૂરિયાતમંદ સુધી પહોંચાડે છે. ભૂપેન્દ્રએ બ્લડગ્રૂપ ડિરેક્ટરી પણ બનાવી રાખી છે. જેમાં જ્યાંથી બ્લડ મળી શકે તેવી જગ્યાઓના ફોન નંબર પણ છે. આ ઉપરાંત શહેરમાં એમ્બુલન્સ ક્યાં-ક્યાંથી મળે છે તેની નાની ડાયરી પણ ભૂપેન્દ્રસિંહ લોકોને વહેંચે છે. તેમણે ઘણા મેડિકલ કેમ્પના પણ આયોજન કર્યાં છે. ત્યાં લોકોને મફત ચેકઅપ કરવામાં આવે છે. અત્યાર સુધીમાં તેમણે હજારો લોકોની મેડિકલ હેલ્પ કરી છે. જોકે, બેન્કમાં હોવાને કારણે તેમને સમય ઘણો ઓછો મળે છે પરંતુ જેટલો પણ તેને સમય મળે છે તે પોતાના પિતા અને દર્દીઓની સેવામાં વિતાવે છે. ભૂપેન્દ્રસિંહના પિતાની ઉંમર 82 વર્ષ છે અને તે પર્કીસનન રોગથી પીડાય છે. તેઓ તેમની પણ સારી રીતે સંભાળ લે છે. આમ આટલી-આટલી વિપરીત પરિસ્થિતી વચ્ચે સમાજસેવા કરીને તેઓએ દિલ જીતી લીધું છે.

## અમદાવાદ રાઈઝિંગ

### દહેજ પ્રતિબંધ કાયદો 1961



**કાયદો:** આ કાયદાના અમલમાં આવ્યા બાદ કોઇ પણ વ્યક્તિ દહેજની માગણી કરે, સ્વીકારે કે આપે તો તે દહેજબંધી ધારા હેઠળ શિક્ષાને પાત્ર બને છે.

**સજા:** દહેજ લેવા કે આપવા બદલ પાંચ વર્ષની કેદ અથવા 15000 રૂપિયા કે દહેજની મીલકતની કિંમત જેટલી રકમ ની ચુકવણી અથવા બંનેની સજા થઇ શકે."

**વિપુલ અખાણી** | એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટ

### ...તો એ લક્ષ્મીની માનહાનિ છે



સ્ત્રીઓની માન-હાનિ સાક્ષાત્ લક્ષ્મી અને સરસ્વતીની માનહાનિ છે.

- **સૂર્યકાન્ત ત્રિપાઠી** (નિરાલા)

**2** દિવસ અવાજ ઉઠાવવા માટે હવે બાકી | વધુ માહિતી માટે લોગ ઓન કરો www.ahmedabadrising.org

AHMEDABAD RISING

મહિલાઓના રક્ષણ કાજે અમદાવાદ રાઇઝિંગ કેમ્પેઇનમાં ભવન્સ કોલેજ, રિવર સાઇડ સ્કૂલના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો પણ જોડાયા હતાં.

# મોલમાં રમાયા ગરબા

• **સિટી રિપોર્ટર**. અમદાવાદ

અમદાવાદ રાઈઝિંગ અંતર્ગત રવિવારે બે જાહેર સ્થળો પર લોકોને આ કેમ્પેઈન અંગે માહિતગાર કરવા અને તેમને જાગૃત કરવા માટે અલગ અલગ કાર્યક્રમોનું આયોજન કરાયુ કરવામાં આવ્યું હતું. શહેરના હિમાલયા મોલ ખાતે લોકોને એકત્ર કરીને ખાસ ગરબા રમાડવામાં આવ્યા હતાં સાથે મહિલાઓની સુરક્ષાના કરવાના શપથ પણ લોકોને લેવડાવામાં આવ્યાં હતાં.

આ ઉપરાંત શહેરના સરદાર પટેલ એરપોર્ટ ખાતે મોટી સંખ્યામાં રિક્ષાચાલકોને એકત્ર કરીને તેમને પણ આ કેમ્પેઈન અંગે માહિતગાર કરીને મહિલાઓની સુરક્ષા માટે શપથ લેવડાવવામાં આવ્યાં હતાં. આ કેમ્પેઈનમાં શનિવારે ભવન્સ કોલેજના વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકો અને સોમવારે રિવરસાઈડ સ્કૂલના બાળકો તેમજ શિક્ષકોને જોડવામાં આવ્યા હતાં.



દર્પણાના સોનલ કહે છે કે, હું અવાજ ઉઠાવીશ. એ મારો અધિકાર, ફરજ છે કોઇના દબાણથી ઝૂકું નહિ બીજી સ્ત્રીઓને ઝૂકવા નહિં દઉં.

# નેશનલ સિમ્પોઝિયમ યોજાશે

**અમદાવાદ :** 16 ફેબ્રુઆરીના રોજ ફાર્માસ્યુટિકલ સાયન્સ પર એક સિમ્પોઝીયમનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિંનારનો હેતુ આ ક્ષેત્રના ગુજરાત અને દેશના એકેડેમિશિયન્સ, પ્રોફેશનલ્સ, સપ્લાયર્સ, વેલ્ડર્સ, સ્ટુડન્ટ્સ ને હેલ્થ કેર પ્રોફેશનલ્સને એક મંચ પર એકત્રિત કરવાનો હેતુ છે. આ સેમિનાર સવારના 9-30 કલાકથી એએમએ ખાતે યોજાશે.











